# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : તૌફીક સમા

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૭-૦૩-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## ભુજ-લોકસભા ચુંટણી માટે પ્રેસ કોન્ફરન્સ :

આજ રોજ જીલ્લા મથક ભુજ ખાતે જીલ્લા ચુંટણી અધિકારી અને કચ્છ કલેકટર અમીત અરોરા દ્વારા લોકસભા બેઠક માટેની ચુંટણી સબંધિત અને મતદાન સબંધિત માહિતી પ્રેસ કોન્ફરન્સ મારફતે અપાઈ હતી.કચ્છની 6 વિધાનસભા બેઠક અને મોરબીની 1 વિધાનસભા બેઠક એમ મળીને કુલ 19,35,338 મતદારો મતદાન કરી શકે તે માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

કચ્છના 18 થી 19 વર્ષની ઉંમરના 37,680 અને મોરબીના મળીને કુલ 43,049 જેટલા યુવા મતદારો પ્રથમ વાર મતદાન કરશે.તેમજ લોકસભા બેઠક માટે કચ્છના 1844 અને મોરબીના 295 મળીને કુલ 2139 મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા છે.જેમાં કુલ 2877 BU,2521 CU અને 2735 VVPATની ફાળવણી સાથે 20 નોડલ ઓફિસર અને 16,632 જેટલા સ્ટાફને ચુંટણી ફરજની સોંપણી કરવામાં આવી છે.અને આદર્શ આચારસંહિતા માટે 19 જેટલી ટીમો કાર્યરત રહેશે.

જે અંતર્ગત કચ્છના 1844 મતદાન મથકો પૈકી 924 જેટલા મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ કરવામાં આવશે.અને 42 જેટલા સખી પોલિંગ સ્ટેશન, 6 PWD પોલિંગ સ્ટેશન, 6 મોડેલ પોલિંગ સ્ટેશન, 1 યુથ પોલિંગ સ્ટેશન નક્કી કરાયું છે.તેમજ 85 વર્ષથી વધુ વયના 14,427 મતદારો,PWD ફ્લેગ કરેલા 13,100 મતદારો મળી કુલ

27,527 મતદારો પોસ્ટલ બેલેટથી મત આપશે.અને દરેક મતદાન મથકો પર મતદારો માટે વ્હીલચેર સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

**હેમાંગ પટ્ટણી/તૌફીક સમા**

---

## ભુજ-પત્રકાર પરિષદનું આયોજન :

કચ્છ-મોરબી જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ને લઈને કામગીરી અને પ્રચાર પ્રસાર અંગે કલેક્ટર કચેરી કોન્ફરન્સ હોલમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાના અધ્યક્ષ પદે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ચૂંટણી અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારી, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક,નિવાસી અધિક કલેકટર,નિયામક,નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા પ્રેસ-મીડિયાના લોકોને માહિતી આપવામાં આવી હતી.

**અશરફ નથવાણી**

---

## કચ્છ-ભૂકંપનો આંચકો :

કચ્છમાં ગઇકાલે મોડી રાતે 3.3ની તિવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.ભુજ તાલુકાના ખાવડાથી 22 કિલોમીટર દૂર મોટી દધર ગામ નજીક આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.ભૂકંપ ઝોન 5માં આવતા કચ્છ જિલ્લાના પેટાળમાં જમા થતી ઉર્જા સમયાંતરે લઘુ અને મધ્યમ કક્ષાના આંચકા રૂપે ઉપાર્જિત થઇ જતી હોવાથી મોટા ભૂકંપની શક્યતા ટળી જતી હોવાનું આ પૂર્વે જાણકારો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## જાહેરનામું :

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટેની તારીખો જાહેર થયેલ છે અને આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.ત્યારે જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા ગઈકાલથી આગામી તા.૩૦ માર્ચ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી વ્યકિતઓની કોઇ મંડળી, સભા અને સરઘસ પરવાનગી સિવાય યોજવા  માટે મનાઇ ફરમાવેલ છે.આ જાહેરનામું સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, સંસ્થાને, ફરજ પરના ગૃહરક્ષકદળની વ્યકિતઓને લાગુ પડશે નહીં.આ હુકમના કોઇપણ ભાગનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે આ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**માહિતી ખાતું**

---

## ભુજ-બાયોડાયવર્સીટી કાર્યશાળા :

કચ્છ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા મિશન લાઈફ અંતર્ગત “લાઈફ સ્ટાઇલ પ્રેકટીસ એન્ડ બાયો ડાયવર્સીટી' ની થીમ પર બે દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં આર.આર.લાલન કોલેજના બાયોલોજી વિભાગએ નોલેજ પાર્ટનર,ગીર ફાઉન્ડેશન ગાંધીનગરે કો-પાર્ટનર અને ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ યુનિવર્સિટીએ વેન્યુ પાર્ટનર તરીકે ભાગીદારી નોંધાવી હતી.આ કાર્યક્રમમાં કચ્છની 10 કોલેજોના 100 વિદ્યાર્થીઓ તેમજ આધ્યાપકોએ ભાગ લીધો હતો.

**NP-તૌફીક સમા**

---

## ન્યાયધીશની બદલી :

ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના આદેશ બાદ ગુજરાત હાઇકોર્ટના રજીસ્ટર દ્વારા કચ્છના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ તથા ભુજ ફેમિલી કોર્ટના જજ સહિત રાજ્યના 31 જેટલા ન્યાયાધીશની બદલી કરવામાં આવી છે.

**NP-તૌફીક સમા**

---

## અભિવાદન સમારોહ :

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા,કચ્છ યુનિવર્સિટી દ્વારા આજ રોજ NET,GSET અને GATEની પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો.

**તૌફીક સમા**

---

## રાગરંગ વંદના મહોત્સવ :

ભુજના સ્મૃતિવન ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત અને ચિત્રકલાના કલાપ્રેમીઓ માટે રાગરંગ વંદના મહોત્સવ યોજાઈ રહ્યો છે.જેમાં ભુજના જાણિતા ચિત્રકાર દ્વારા 36 રાગના ચિત્રો અને શાસ્ત્રિય સંગીતના કલાકારો દ્વારા 36 રાગનું શ્રવણ કરાવવામાં આવ્યું હતું.એક જ સમયે એ 36 રાગના ચિત્રોને જોવા અને સાથે એ 36 રાગનું જીવંત શ્રવણ કરવું આ એક અદ્વિતીય અનુભવ છે.

**NP-તૌફીક સમા**

---